કમોસમી વરસાદથી ખેડૂતો કફોડી સ્થિતિમાં

મોઢામાં આવેલ તૈયાર પાકનો કોળિયો ઝુંટવાયો : ચિલોડા પંથકમાં તારાજી સર્જાઈ

(તસવીર : નટુભાઈ પટેલ)

ચિલોડા, તા.૧

જિલ્લાના મોટા ચિલોડા પંથકમાં માવઠાના કારણે ખેડૂતોની હાલત કફોડી બની જવા પામી છે. ઉનાળાના પ્રારંભે અષાઢી માહોલ સર્જાતા જગતનો તાત નિરાશામાં ડૂબી ગયો છે. મોટા પ્રમાણમાં થયેલ ઘઉં અને બટાકાના તૈયાર થયેલ પાક પર પાણી ફરી વળતા ખેડૂતોને મોટું નુકશાન થવા પામ્યું છે.

ગાંધીનગર જિલ્લાના ચિલોડા વિસ્તારના મોટા ભાગના ખેડૂતો ખેતી ઉપર જીવન નિર્વાહ કરે છે ત્યારે ગત મોડી રાત્રે અચાનક આવેલ વરસાદથી ખેડૂતોનો તૈયાર થયેલો પાક ધોવાઈ ગયો છે. રવિ પાકમાં ઘઉં ને બટાકાની કાપણીની તૈયારી હતી અને પાક સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયો છે ત્યારે મેઘરાજાએ બદલેલ મુડના કારણે ખેડૂતોની દશા બેસી જવા પામી છે.

ચિલોડા મોટા, શિહોલી મોટી, ડભોડા, વડોદરા, રાયપુર, લવારપુર, પ્રાંતિયા, દશેલા, ધણપ, હાલીસા, મહુન્દ્રા સહિતના ગામડામાં મોટા પ્રમાણમાં ઘઉંનું વાવેતર ખેડૂતો દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે વરસાદના કારણે ઘઉંનો પાક જમીનદસ્ત થઈ જવા પામ્યો છે. કમોસમી વરસાદથી ખેડૂતોને હાથમાં આવેલો કોળીયો ઝુંટવાઈ જવા પામ્યો છે.

ખેડૂતોને હાલમાં જ કપાસના ભાવોના કારણે દશા બેઠી હતી ખેડૂતોની માંડ કળ વળે તે પહેલા ફરીથી ખેડૂતોની કળ તુટી જવા પામી છે. રાજયમાં ત્રેવડી ઋતુના કારણે ખેડૂતો વિમાસણમાં મુકાયા છે. ખેડૂતોની સાથે સાથે આંબા ઉપરનો તમામ મોર ખરી પડયો છે. જેના કારણે કેરી પણ આ વર્ષે ઓછી પાકશે તેવી ધારણા સેવાઈ રહી છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

પ્રશ્નોરા નાગર જ્ઞાતિ સમુદાય, ગાંધીનગરના ઉપક્રમે જ્ઞાતિના સમુહ મિલનની સાથો સાથે ૮૦ વર્ષની ઉપરના વરિષ્ઠ જ્ઞાતિજનોને સન્માનવાનો 'શતાયુ ભવ વડીલ વંદના સમારોહ' ૧ માર્ચ ૨૦૧૫ રવિવારના રોજ આનંદવાટીકા ઉપવન સે-૨૨ ગાંધીનગર ખાતે આનંદ ઉત્સાહભેર યોજાઈ ગયો જેમાં ૮૦ વર્ષથી ઉપરની વયના વરિષ્ઠ જ્ઞાતિજનોને સ્થાનિક જ્ઞાતિ સમુદાય સહિત અહિચ્છત્ર સંસ્કાર કેન્દ્ર ભાવનગર તથા શ્રી દ્વારકેશ વિદ્યોત્તેજક સંસ્કાર કેન્દ્ર અમદાવાદ સહિતની જ્ઞાતિ સંસ્તાઓ તરફથી પુષ્પગુચ્છ, અભિવાદન પત્ર, સ્મૃતિચિહ્ન તથા શાલ ઓઢાડીને સન્માનિત કરીને સારા સુખમય આરોગ્ય તેમજ દીર્ઘાયુષી જીવન અંગે શતાયુભવની શુભેચ્છાઓ સાથે વડીલ વંદના કરવામાં આવેલ. પ્રાસંગિક પ્રવચન બાદ સન્માન સમારોહ તેમજ સમુહ ભોજનનો લાભ જ્ઞાતિજનોએ લીધો હતો. સમગ્ર આયોજનને સફળતા માટેની શ્રી ચારુદત્તભાઈ પંડયા, શ્રી જયપ્રકાશ ભટ્ટ, શ્રી રવિન્દ્રભાઈ મહેતા, શ્રી હરિકૃષ્ણ પંડયા વિ.ની જ્ઞાતિ સમુદાયના સાથ સહકારના લીધે કાર્યક્રમ સફળ રહ્યો હતો.

ગાંધીનગરમાં સ્વાઈન ફ્લુ સંદર્ભે લોક જાગૃતિના કાર્યક્રમો યોજવા તાકીદ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ શ્રી એમ.એસ. ડાગુરના અધ્યક્ષસ્થાને આજરોજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સ્વાઈન ફ્લુની બીમારી સંદર્ભે તાકીદની બેઠક યોજવામાં આવી હતી. પ્રભારી સચિવશ્રીએ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભીમજીયાણી, મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.આર. ચૌધરી તથા જિલ્લા આરોગ્યતંત્રના તમામ અધિકારીશ્રીઓની બેઠક કરીને જિલ્લામાં સ્વાઈન ફ્લુની બીમારી સંદર્ભે સમીક્ષા કરી હતી. આ રોગચાળો વધુ ન ફેલાય તે માટે લોકોમાં જાગૃતિ આવે તે માટે જરૂરી તમામ પ્રચાર-પ્રસાર તેમજ ઘેર ઘેર સર્વેની કામગીરી તાકીદે પૂર્ણ કરવા સૂચના આપી હતી.

હાલમાં સંસ્કૃતિકુંજ, ગાંધીનગર ખાતે યોજાઈ રહેલા વસંતોત્સવમાં મોટા પ્રમાણમાં મુલાકાતીઓ આવતા હોઈ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - કમિશનરશ્રીની કચેરીના અધિકારીઓને સંસ્કૃતિકુંજના સ્થળે લોકો આવે ત્યારે સેનિટાઈઝર તથા માસ્ક ઉપલબ્ધ કરાવવા તેમજ આરોગ્યનો કંટ્રોલ રૂમ કાર્યરત કરવા પણ સૂચના આપી હતી. આ કાર્યક્રમમાં લોકોની સાથે આવતા નાના બાળકો અને વૃદ્ધો જો બીમાર હોય તો તેઓને પ્રવેશ ન આપવા પણ અનુરોધ કરવામાં આવ્યો હતો.

વસંતોત્સવના સ્થળે સ્વાઈન ફ્લુ બાબતે લોકજાગૃતિ માટે બેનર્સ તેમજ પેમ્ફલેટ દ્વારા પણ યોગ્ય પ્રચાર-પ્રસાર કરવા જણાવ્યું હતું. સાથે જ માઈક દ્વારા પણ સ્વાઈન ફ્લુની બીમારી અંગેની જાગૃતિ તથા યોગ્ય તકેદારીનાં પગલાં અંગે જાણકારી આપવાની વ્યવસ્થા ગોઠવવા ખાસ સૂચવ્યું હતું.

જિલ્લા પ્રભારી સચિવ શ્રી એમ.એસ. ડાગુરે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ જિલ્લાની તમામ નગરપાલિકાઓના ચીફ ઓફિસરશ્રીઓની તાકીદની બેઠક યોજી સ્વાઈન ફ્લુ અંગેની જાણકારી તેમજ પ્રચાર-પ્રસાર માટે નગરપાલિકા વિસ્તારોમાં યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા આરોગ્યતંત્રના સંકલનમાં રહી કાર્ય કરવા જણાવાયું હતું. ઉપરાંત તમામ નગરપાલિકા વિસ્તારોમાં સ્વચ્છતા માટેના જરૂરી તમામ પગલાં તાત્કાલિક અસરથી લેવા માટે તાકીદ કરવામાં આવી હતી.

સે-૩૦ ઝુલેલાલ સાંઈબાબા મંદિરે હોલીકા દહન કરાશે

સેક્ટર-૩૦ ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે હોલીકા દહન કરવામાં આવશે. આગામી ૫ માર્ચ ગુરુવાર સાંજે ૭-૦૦ કલાકે હોલીકા દહન કરવામાં આવશે. શહેરજનોને દર્શનનો લાભ લેવા ઝુલેલાલ સાંઈબાબા મંદિરના પ્રમુખે જણાવ્યું છે.

શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક બુધવારે યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૫-૩-૨૦૧૫ને ગુરુવારના રોજ હોળીનો તહેવાર હોઈ, આ બેઠક તે દિવસના બદલે તા. ૪-૩-૨૦૧૫ બુધવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સંસ્થાના કાર્યાલય, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સે-૨૨ ખાતે સાંજે ૪-૦૦ વાગે મળશે. આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા થશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

સ્વાઈન ફ્લુને નાથવા હોલીકા દહનના તમામ સ્થળોએ કપૂરની બે ટીકડીનો હોમ કરવા અનુરોધ

વાતાવરણને શુધ્ધ કરવા દરેક પરિવાર એક જ સમયે એક સાથે બે ટકડી હોમતાં અકસીર અસરો થશે

ગાંધીનગર, તા.૧

રાજયભરમાં સ્વાઈન ફ્લુ નામના રોગે હાહાકાર મચાવ્યો છે અને દૈનિક અનેક દર્દીઓ ભોગ બની રહ્યા છે તો કેટલાકના મોત પણ નીપજી ચુકયા છે. સ્વાઈન ફ્લુને કાબુમાં લેવા નીત નવા નવા ઉપાયો અને સમજણો અપાય છે જેમાં તંત્ર પણ તેટલું જ પ્રયત્નશીલ છે. ઘરગથ્થુ ઉપચારોમાં ઉકાળો અને વ્યકિતઓ કપૂર તથા ઈલાયચીને સુંઘવા જેવા પ્રયત્નો કરે છે. હાલમાં સોશીયલ નેટવર્કીંગમાં હોલીકા દહનમાં દરેક પરિવારને બે ટીકડી કપૂરની હોમવા માટે ભલામણ થઈ રહી છે. અને તે થકી સમગ્ર વાતાવરણ ખરાબ વાઈરસથી શુધ્ધ થઈ આવા સ્વાઈન ફ્લુ જેવા રોગને નાથવામાં પણ અકસીર બનશે તેવો દાવો થઈ રહ્યો છે.

સ્વાઈન ફ્લુ હવે માઝા મુકતો જાય છે. નાગરિકો આ રોગથી બચવા માટે અનેક ઉપાયો કરી રહ્યા છે. જેમાં તંત્ર પણ નાગરિકોની પડખે રહી જાગૃતિ ફેલાવવાના પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે સોશીયલ નેટવર્કીંગ પણ એટલું જ સજાગ બની રહ્યું છે. હાલમાં દરેકને મોબાઈલ વોટસએપ ફેસબુક અને અન્ય માધ્યમ થકી જણાવાઈ રહ્યું છે કે પાંચમી માર્ચે હોલી છે અને સાંજના એક જ મુર્હુતમાં હોલીકા દહન એટલે કે હોળી પ્રગટાવવામાં આવશે તે સમયે તમામ સ્થળોએ દરેક પરવાર કપૂરની બે ટીકડીનો હોમ કરે તેવો અનુરોધ થઈ રહ્યો છે અને આ હોમ થકી સમગ્ર વાતાવરણમાં શુધ્ધતા આવશે અને આવા જીવલેણ વાઈરસનો નાશ થવાની સંભાવનાઓ અનેક ગણી વધી જશે.

આપણા ઋષિમુનિઓ જયારે હોમ હવન કરતા હતા ત્યારે ઔષધીય ચિજવસ્તુઓ હોમતા હતા અને ઔષધીય ગુણો વાતાવરણમાં ભળીને શુધ્ધતા ઉભી થતી હતી તે જ રીતે સમગ્ર ગુજરાત અને દેશમાં આ કપૂરની ટીકડીઓનો હોમ થાય તો એક સાથે તમામ સ્થળોએથી ઔષધીય ગુણો વાતાવરણમાં ભળી જાય અને વાતાવરણ એક સરખું થઈ શકે છે. અને વાઈરસનું સંક્રમણ અટકે છે. સોશીયલ નેટવર્કીંગ દ્વારા તમામને આ કાર્ય કરવાનું કહેવામાં આવ્યું છે. તેમજ પડોશી, મિત્રો અને સગા સંબંધીને આજે પણ આ બાબતની જાણ કરી દરેકના સ્વાસ્થ્ય માટે કપૂરનો હોમ કરવા જણાવી અકસીર અસરોના ફાયદાનો લાભ મેળવવા વિનંતીઓ થઈ રહી છે.

ચિખલીગર ગેંગનો રીઢો સાગરીત આખરે ઝડપાયો

આણંદમાં ડોકટરના ઘરે ધાડ પાડી હતી : ગાંધીનગર જિલ્લામાં એક મર્ડરના ગુનામાં સેન્ટ્રલ જેલ રહી ચુકયો છે : એલસીબીએ પથિકાશ્રમથી પકડયો

ગાંધીનગર, તા.૧

આણંદ જિલ્લાના મહેઢાવ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં ડોકટરના ઘરે ચિખલીગર ગેંગે ધાડ પાડી હતી. આ ગેંગ પકડાઈ ગઈ હતી પરંતુ એક સાગરીત વોન્ટેડ હતો. જે સાગરીત ગાંધીનગર જિલ્લામાં એક મર્ડર કેસમાં સેન્ટ્રલ જે રહી ચુકયો હતો. આ શખ્સ પથિકાશ્રમ પાસે હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે રીઢા સાગરીતને ઝડપી પાડયો છે.

એકાદ વર્ષ અગાઉ આણંદના હાઈવે રોડ ઉપર મહુડીયાપુરા ગામમાં રહેતા એક ડોકટરના ઘરે ચિખલીગર ગેંગના આઠ સાગરીતોએ લાકડી અને ધોકા જેવા હથિયારો સાથે ધાડ પાડીને સોનાના બે લાખની કિંમતના દાગીના લુંટી લીધા હતાં. આ ગેંગના

મોટાભાગના આરોપીઓને પોલીસે ઝડપી પાડયા હતા. પરંતુ એક સાગરીત જલંદર સીંગ ઉર્ફે ફાટસીંગ ગુરુનામસીંગ લવારીયા (રહે. વેડા, તા. કલોલ જી. ગાંધીનગર) વોન્ટેડ હતો ગઈ રાત્રે એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી એબસ્કવોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ એસ.કે. સોલંકી, હે.કો. દિલીપસિંહ, કિરીટકુમાર, મહીપાલસિંહ તથા ભરતસિંહ પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીને આધારે ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી.ડેપોમાંથી આ વોન્ટેડ આરોપીને ઝડપી પાડયો હતો. જલંદરસિંગ ઉર્ફે ફાટુસીંગ અગાઉ ગાંધીનગર જિલ્લામાં મર્ડરના ગુનામાં ત્રણેક વર્ષ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે જેલમાં હતો. ત્યાર બાદ જેલ મુકત થઈને ફરીથી ગુનો આચરવાનું ચાલુ રાખ્યું હતું. ગાંધીનગર એલસીબીએ તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરગાસણ ચોકડી પાસે લાયસન્સ વગર ચાલતી હોટલ પર દરોડો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સરગાસણ ચોકડી ખ-૦ સર્કલ પાસે સ્થિત અટ્રીયા કોમ્પ્લેક્ષમાં સડ્ડા પીંડ પંજાબી રેસ્ટોરન્ટ લાયસન્સ વગર ચાલતી હોવાની બાતમીને આધારે ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે દરોડો પાડી તેના સંચાલક જમશેરસિંગ ગુરુચરણસિંગ ચૌહાણ સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ હોટલ સંચાલકે લાયસન્સ મેળવવા માટે તંત્રમાં અરજી પણ કરેલી છે પરંતુ તેનું લાયસન્સ પાસ થયેલું નથી.

બ્રહ્માકુમારી પરિવાર દ્વારા સેક્ટર-૨૮ ખાતે ઉપમો વાર્ષિક ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સેવા આપનાર બ્રહ્માકુમારીઝ ભાઈ-બહેનોનું સન્માન દાદીશ્રીના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૩
સૂર્યાસ્ત : ૬.૪૩

તાપમાન

મહત્તમ : ૨૪.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૯ ટકા ● સાંજે ૬૮ ટકા
વરસાદ : ૪ મી.મી.

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

અબ તક-૫૬ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

દમ લગા કે હૈસા : ૧૧.૩૦, ૪.૩૦, ૧૦.૦૦

જો બકા : ૨.૦૦, ૭.૦૦

સ્ક્રીન-૩ :

જો બકા : ૧૧.૦૦

દમ લગા કે હૈસા : ૧.૩૦, ૭.૦૦

બદલાપુર : ૪.૦૦, ૯.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦
રોય : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

રોય : ૧૦.૦૦
ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦
બેબી : ૩.૪૫
સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્ક્રીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦
રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
બેબી : ૯.૪૫

આપની આજ

મેષ : મનોરંજન, ઉત્સવ આમોદ-પ્રમોદ સંબંધી કાર્ય થશે. કુટુંબીજનો સાથે ભાગ્યવર્ધક સંભવિત યાત્રા-પ્રવાસ થઈ શકે છે. નોકરીમાં બદલી-બઢતી થઈ શકે છે.

વૃષભ : કળાત્મક કાર્યોમાં વિશેષ ચિંતનનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

મિથુન : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્ય થશે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સંચિત ધન વૃદ્ધિના ઉત્તમ ગુપ્ત કાર્યોમાં રુચિ વધશે.

કર્ક : કર્મક્ષેત્રમાં વિશિષ્ટ, મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં સારો અને લાભદાયી રહેશે. નકારાત્મક વિચારોથી દુર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. નવા સંબંધ લાભદાયક રહેશે.

સિંહ : વાહન ધ્યાનથી ચલાવો. માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ. તમારા કાર્યોથી પ્રશંસા થશે. આવક-જાવકમાં સંતોલન રહેશે. માનસિક અસ્થિરતા દૂર કરી અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો.

કન્યા : સમાજમાં માન, પદ-પ્રતિષ્ઠા, સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. સાવચેતી રાખવી. વ્યવસાયિક લાભ અને સુખસમૃદ્ધિ વધશે.

તુલા : ભાગીદારીમાં પરિવર્તન વગેરેથી વિશેષ લાભ પ્રાપ્ત થશે. વ્યાપારમાં ભાગીદારીથી લાભ. કુટુંબમાં માંગલિક કાર્યો થઈ શકે છે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે.

વૃશ્ચિક : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવકના સ્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

ધન : કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો પણ ઉકેલ થશે. જીવનમાં નિરાશાનો આભાસ થઈ શકે છે.

મકર : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. વેપાર સારો ચાલશે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થઈ શકશે.

કુંભ : પ્રેમ સંબંધમાં સફળતા મળી શકે છે. આજે કુંટબના સભ્યોને લઈને માંગલિક કાર્યની રૂપરેખા બનશે. દૈનિક વેપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે.

મીન : આવકના સાધનોમાં વિસ્તાર માટે ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યો થઈ શકશે. વિશેષ ખર્ચ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. કોમલબેન કિરીટકુમાર ઉપાધ્યાય (ઉ.વ.૩૨) મુ. કોલવડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. વ્યાસ નર્મદાબેન ભાનુપ્રસાદ (ઉ.વ.૭૨) પ્લોટ નં. ૪૮૫/૨, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. બળદેવભાઈ પોપટભાઈ મકવાણા (ઉ.વ.૫૨) સીબીઆઈ કોલોની, ઘર નં. ૧૬, સેકટર-૧૨, ગાંધીનગર
- સ્વ. શાહ જયંતિલાલ પુરુષોત્તમદાસ (ઉ.વ.૮૨) પ્લોટ નં.૩૮૪/એ-૧, સેકટર-૧૨સી, ગાંધીનગર